**જાહેરનામું**

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૧/૨૦૨૧,

તા. ૯ /૦૩/૨૦૨૧

હું, સંજય શ્રીવાસ્તવ ,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૧૨/૩/૨૦૨૧ ના રોજ વી.વી.આઇ.પી.શ્રીઓની ગાંધીઆશ્રમની મુલાકાત તથા સાબરમતી આશ્રમથી દાંડી સુધી પદયાત્રાના આયોજન અનુસંધાને અમદાવાદ શહેર વિસ્તારમાં ટ્રાફિક સુચારુ રીતે ચાલે અને ટ્રાફિકની સમસ્યા તથા માર્ગ અકસ્માતો નિવારવાના હેતુસર નીચે મુજબના માર્ગો ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૧૨/૩/૨૦૨૧ ના રોજ ગાંધીઆશ્રમની મુલાકાતે વી.વી.આઇ.પી.શ્રીનાઓ પધારનાર છે. આ કાર્યક્રમમાં સાબરમતી આશ્રમથી દાંડી સુધી પદયાત્રા થનાર હોય જે દાંડી પદયાત્રા અમદાવાદ શહેર વિસ્તારમાંથી પસાર થનાર છે. જે પદયાત્રા સરળતાથી પસાર થાય અને ટ્રાફીક વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર નીચે જણાવેલ રૂટ ઉપર તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

| અનં | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત /ડાયવર્ઝનવાળો માર્ગ | વૈકલ્પિક માર્ગ |
|---|---|---|
| ૧. | ➢ વાડજ સર્કલથી ઉસ્માનપુરા ચાર રસ્તા ગુજરાત વિધાપીઠ કટ, ઈન્કમટેક્ષ ચાર રસ્તા, બુદ્ધાસિંગ ચાર રસ્તા, ડીલાઈટ ચાર રસ્તા, નહેરૂબ્રીજ ચાર રસ્તા, ટાઉન હોલ ચાર રસ્તા, વી.એસ.હોસ્પિટલ, પાલડી ચાર રસ્તા તરફ જતો રોડ દાંડીમાર્ચ પદયાત્રા પસાર ના થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે. | ➢ વાડજ સ્મશાન ગૃહ કટથી પશ્ચિમના રિવરફ્રન્ટ રોડનો ઉપયોગ કરી શકાશે તથા પ્રબોધ રાવળ સર્કલથી ૧૩૨ ફુટ રીંગરોડનો ઉપયોગ કરી શકશે. |
| ૨. | ➢ પાલડી ચાર રસ્તાથી એન.આઈ.ડી. સર્કલ, સરદારબ્રીજ, જમાલપુર બ્રીજ નીચે સુધીનો રોડ દાંડીમાર્ચ પદયાત્રા પસાર ના થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે. | ➢ પાલડી ચાર રસ્તાથી વી.એસ.હોસ્પિટલ ટાઉનહોલ ચાર રસ્તા થી જમણી બાજુ વળી એલીસબ્રીજ થઈ વિકટોરીયા ગાર્ડન થઈ ખમાસા ચાર રસ્તા થઈ આસ્ટોડીયા દરવાજાથી એસ.ટી. ગીતામંદીર ચાર રસ્તા થી જમણી બાજુ વળી જમાલપુર તરફ જઈ શકશે તથા પાલડી ચાર રસ્તા થી મહાલક્ષ્મી ચાર રસ્તા, મહાલક્ષ્મી પાંચ રસ્તા થી જમણી બાજુ વળી અંજલી ચાર રસ્તા થી ડાબી બાજુ વળી આંબેડકર ઓવરબ્રીજ થઈ ખોડીયારનગર ચાર રસ્તા થી ડાબી બાજુ વળી અંજલી જમાલપુર બ્રીજ તરફ જઈ શકાશે. |
| ૩. | ➢ જમાલપુર બ્રીજ નીચેથી જમણી બાજુ વળી બહેરામપુરા પોલીસ ચોકી થઈ મેલડી માતા | ➢ જમાલપુર બ્રીજ થી સ્લોટર હાઉસ ચાર રસ્તા, ઉંટવાળી ચાલી ચાર રસ્તા, |

| | | |
|---|---|---|
| | મંદીર દાણીલીમડા ચાર રસ્તા તરફ જતો એક બાજુનો રોડ દાંડીમાર્ચ પદયાત્રા પસાર ના થાય ત્યાં સુધી તમામ પ્રકરના વાહન વ્યવહાર માટે બંધ રહેશે. | એસ.ટી. ગીતામંદીર ચાર રસ્તા થી જમણી બાજુ વળી મજુરગામ થઈ ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા, શાહ આલમ ચાર રસ્તા થી જમણી બાજુ વળી દાણીલીમડા ચાર રસ્તા તરફ અવર જવર કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો તેમજ ફરજમાં રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગ્રેડ, એમ્બ્યુલન્સનાં વાહનોને તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર–જવર કરનારને આ જાહેરનામું લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧૨/૩/૨૦૨૧ ના કલાક ૧૧.૦૦ થી કરવાનો રહેશે. પદયાત્રા જેમ જેમ આગળ વધશે તેમ તેમ ક્રમશ: તબક્કાવાર પ્રતિબંધિત માર્ગો વાહનોની અવર–જવર માટે ખુલ્લા કરવામાં આવશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૯ /૩/૨૦૨૧ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા. ૯/૩/૨૦૨૧
અમદાવાદ શહેર

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :–**

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર

(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.